॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ



કીર્તનકાર
**શ્રી જમનાપ્રસાદજી શર્મા**

ઉદ્‌ઘોષિકા
**શ્રીમતી કલ્પનાબેન શાહ**

પ્રસ્તુત કરે છે

મંગલાથી શયન સુધીના ઉષ્ણકાળના નિત્ય પદ

# ગ્રીષ્મ યુગલ સુખદાયી

(કેસેટ આવૃત્તિ)

Scanned by CamScanner

॥ શ્રી હરિઃ ॥

# અધ્યક્ષ સ્થાનેથી બે બોલ

ભગવદ્ કીર્તન અનુરાગી વૈષ્ણવવૃંદ,

"હરિ મૂર્તિઃ સદા ધ્યેયા" એ ભાવને સિદ્ધ કરવા ભગવદ્લીલાનું અવગાહન કરવું અતિ આવશ્યક છે. પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીએ અસીમ કૃપા કરી પૂર્ણપુરૂષોત્તમ શ્રી કૃષ્ણની અષ્ટયામ સેવાની અતિ સુંદર વ્યવસ્થા દ્વારા ભાવપૂર્ણ કીર્તનના માધ્યમથી લીલાના અવગાહન વડે નિરોધ પ્રાપ્તિનો સળ માર્ગ આપણને દર્શાવ્યો છે. અષ્ટછાપ કીર્તનો એ કોઈ કવિઓની કલ્પના માત્ર નથી, પણ સાક્ષાત પ્રભુએ સન્મુખ બિરાજી જે લીલાઓ કરી છે તેનો ભાવસ્ત્રોત ભક્તકવિઓના હ્રદયમાંથી કીર્તન-પદ અવગાહન રૂપે વહ્યો છે.

નિત્યલીલાસ્થ પૂજ્યપાદ ગો. શ્રી પ્રથમેશજીના ષડ્ઋતુઓની કેસેટમાલાના સ્વપ્નને સાકાર કરવાના પ્રયત્નરૂપે "શ્યામઘટા ઘિર આઇ" વર્ષાકાલીન પદોની કેસેટ અને "શીતકાલ સુહાવનો" શીતકાલમાં ગવાતા પદોની કેસેટને વૈષ્ણવોમાં સારો પ્રતિસાદ મળતા "ગ્રીષ્મ યુગલ સુખદાયી" ઉષ્ણકાલમાં ગવાતા નિત્યપદોની કેસેટ પ્રસ્તુત કરતાં અત્યંત આનંદનો અનુભવ થાય છે. કીર્તનકાર શ્રી જમનાપ્રસાદજી શર્માના સુમધુર કંઠે ગવાયેલા પુષ્ટિભક્તિસંગીતના અઠ્ઠાવીસ જેટલા પદોને ઉષ્ણકાલીન વિવિધ રાગોમાં સોહામણા સંગીતે મઢ્યા છે. આશા છે કે પોતાના સેવ્ય સ્વરૂપ પ્રભુને રીઝવવામાં વૈષ્ણવોને આ કેસેટો ઉપયોગી થશે. ઘેરબેઠાં શાસ્ત્રીય પદ્ધતિથી સરળતાથી શીખી શકાય એવા હેતુથી પૂજ્યપાદ શ્રી નિકુંજલતાબેટીજીના માર્ગદર્શનથી શ્રી ગુસાંઈજી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગ વડે કીર્તન શિક્ષણનો પંચવર્ષીય અભ્યાસક્રમ આપણે તૈયાર કર્યો છે. તેની પહેલી કેસેટ "કીર્તન પ્રવેશિકા નં. ૧" કીર્તન સંગીતની માહિતીવાલી પુસ્તીકા સાથે પ્રગટ કરી છે જેને ખૂબ જ સફળ પ્રતિસાદ મળ્યો છે. વૈષ્ણવોની માગણીને અનુલક્ષી ટૂંક સમયમાં જ અભ્યાસક્રમની બીજા વર્ષની કેસેટ પ્રગટ કરવા પ્રયાસ કરીશું. આશા છે કે ગામેગામના વૈષ્ણવો મોટી સંખ્યામાં આનો લાભ લેશે.

ભવદીય,
ઈન્દ્રકાંત પરીખ
(અધ્યક્ષ - આ. રા. પુ. મા. વૈ. પ.)

Scanned by CamScanner

॥ શ્રી હરિઃ ॥

# આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

પ્રસ્તુત કરે છે

# "ગ્રીષ્મ યુગલ સુખદાયી"

મંગળાથી શયન સુધીના ઉષ્ણકાળમાં ગવાતાં
૨૮ પદોનો સંગ્રહ - ભાવોદ્દબોધન સાથે.

*કીર્તનકાર :*
**શ્રી જમનાપ્રસાદજી શર્મા**

*ભાવોદ્દબોધન :*
**શ્રીમતી કલ્પનાબેન શાહ**

(કેસેટ આવૃત્તિ)

Scanned by CamScanner

॥ શ્રી હરિઃ ॥

॥ શ્રી કૃષ્ણઃ શરણં મમ ॥

# આમુખ

પુષ્ટિમાર્ગિય સર્વજ્ઞ કરુણારસ પૂરિતઃ ।

શ્રેષ્ઠફલ પ્રદાતા ચ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદ દ્વારા સંચાલિત શ્રી વલ્લભકૃપા કીર્તન મંડળની સ્થાપના નિ. લી. પૂજ્યપાદ શ્રી પ્રથમેશજીએ કરી હતી. પરિષદના વિવિધ અષ્ટબિંદુઓમાંનો એક (ભગવત્સેવા - માનવસેવા - ગૌસેવા - આચારવિચાર) કીર્તન વિભાગ છે. ''કીર્તન'' શબ્દનો અર્થ વિચારીએ તો શ્રી ઠાકોરજીની કીર્તિનું - લીલાઓનું ગુણગાન તે કીર્તન થાય છે. ''કલૌ કેશવ કીર્તનાત'' કહેવાયું છે. કલિમાં ફક્ત કીર્તનગાનથી જ પ્રભુમાં ચિત્ત નિરૂદ્ધ થઈ જાય છે. અન્યથા આપણું ચંચળ મન ''નર્તકી'' જેવું જ છે; જે જલ્દીથી પ્રભુના સ્વરૂપમાં લાગી જતું નથી પણ તે જ શબ્દને ઉલટાવીએ તો ''કીર્તન'' બની જાય છે. જેના અવગાહનથી શ્રી યશોદોત્સંગલાલિત પ્રભુની લીલાઓમાં મન સ્થિર થઈ ચોંટી જાય છે.

દરેક વૈષ્ણવ પોતાના સેવ્ય ઠાકોરજી સમક્ષ શાસ્ત્રીય પદ્ધતિથી સાંપ્રદાયિક કીર્તનો સમર્પિત કરી શકે અને લૌકિકમાં પણ હવેલીસંગીતનું ખોવાયેલું સ્થાન પુનઃ સ્થાપિત કરી શકાય એવા ઉચ્ચ હેતુથી ''શ્રી વલ્લભકૃપા કીર્તન મંડળ''માં આજે ઘણા વર્ષોથી દરેક વયના વૈષ્ણવ ભાઈ-બહેનોને કીર્તનનું શિક્ષણ વર્ગો



Scanned by CamScanner

દ્વારા અપાય છે. સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર સંગીતવિશારદ શ્રી જમનાપ્રસાદજી શર્મા કીર્તનાચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમની જ પ્રેરણા, માર્ગદર્શન અને સૂચનોના ફલસ્વરૂપ ષડ્ઋતુઓની કેસેટમાલાનું ત્રીજું મોતી "ગ્રીષ્મ યુગલ સુખદાયી" પ્રસ્તુત કરતાં હૃદય આનંદથી છલકાઈ જાય છે.

આ કેસેટોને પ્રગટ કરવામાં દિન-રાત જોયા વિના કાર્ય કરનાર પરિષદની કીર્તન સમિતિના સભ્યો; શ્રી મુકુંદભાઈ શાહ (કાર્યકારી અધ્યક્ષ) શ્રી મનહરભાઈ શ્રોફ, શ્રી બટુકભાઈ શાહ, શ્રી નિર્મળભાઈ દ્વારકાદાસ, શ્રી ચંદ્રેશભાઈ પટેલ, શ્રી વલ્લભદાસભાઈ રાયચુરા, શ્રી પ્રદીપભાઈ ગાંધી અને શ્રીમતી પન્ના નીલેષ મણિયારનું વિશેષ યોગદાન રહ્યું છે. તેમજ પરમ ભગવદીય શ્રી જયસિંહભાઈ દેવિદાસ ભક્તાના અમૂલ્ય માર્ગદર્શનને કારણે કેસેટનું કાર્ય ઘણું સરળ રહ્યું છે. કેસેટ અને તેની પુસ્તિકા આવૃત્તિ પ્રગટ કરવામાં કુ. ખ્યાતિ દ્વારકાદાસે અથાગ પરિશ્રમ લઈ ખૂબજ ટૂંકા સમયમાં પ્રકાશન કાર્યમાં મદદ કરી છે. શ્રીમતી કલ્પનાબેન શાહના રસમય ભાવોદ્‌બોધન દ્વારા આ કેસેટો વધુ ભાવવાહી બની રહી છે. પુસ્તિકાનું સુંદર મુદ્રણ શ્રી જયંતભાઈ શાહ, શ્રીજી પ્રીન્ટર્સે કર્યું છે. આ કેસેટોના પ્રાણસમાં સંગીત વિશારદ શ્રી જમનાપ્રસાદજી શર્મા; જેઓ નિ.લિ.પૂ.પાદ ગો.શ્રી. પ્રથમેશજીના સેવક છે અને ઘણા વર્ષોથી શ્રી વલ્લભકૃપા કીર્તન મંડળમાં કીર્તનાચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. એમની જ પ્રેરણા, માર્ગદર્શન અને સૂચનોના ફલસ્વરૂપે આજે આ ત્રીજી કેસેટ પ્રગટ કરવા અમે ભાગ્યશાળી થયા છીએ. એમના ભાવવાહી મધુર કંઠે ગ્રીષ્મકાલીન કીર્તનોનું રસપાન કરીએ તે પહેલાં સર્વનો આભાર માની ગ્રીષ્મસખીની સેવાઓ અને ઋતુચક્રનું સ્મરણ કરી લઈએ.



Scanned by CamScanner

પ્રભુના નિજધામમાં ષડઋતુઓ છ સખીઓની જેમ પ્રભુની સેવા માટે સદૈવ તત્પર રહે છે. પરંતુ આ સૃષ્ટિના નિયમન માટે, ભગવદ્ ઈચ્છાથી, સમયના પ્રવાહ સાથે તાલ મિલાવતું આ છએ ઋતુઓનું ચક્ર ક્રમબધ્ધ રીતે સદૈવ ફરતું રહે છે અને ઋતુઓની આવન-જાવનનો ક્રમ ચાલુ રહે છે એ મુજબ.

**"ભીજી પાઘ, ભીજીયો ઉપરનો ભીજ રહે સબ આપ"** એમ હરિતપ્રિયા-પ્રિયતમને સુખ આપવા પધારેલા વર્ષાસખીનું, એમની સેવાઓનું "શ્યામઘટા ધીર આયી" માં આપણે સ્મરણ કર્યુ. પ્રભુને વિવિધ પ્રકારનું સુખ આપી વર્ષા સખીએ વિદાય લીધી અને આગમન થયું હેમંત અને શિશિર સખીઓનું. પ્રભુને શીતકાલનું સુખ આપી ગોપિકાઓને શારદિય મહારાસનું સુખ આપતા પ્રભુની સેવા કરી આ બન્ને સખીઓએ પણ વિદાય લીધી. "શીતકાલ સુહાવનો"માં આપણે એનું આકંઠ પાન કર્યુ . એમની વિદાય સાથે જ, ઋતુરાજ વસંતના આગમનની છડી પોકારાઈ.

**"નઈ ઋતુકો આગમ ભયો સજની, જબતેં બિદા ભયો હેમંત**
**સઘનબન છાયો દ્રુમવેલી પ્રફુલ્લીત, ભયો હુલાસ બ્રજજનમન**
**ઠોર ઠોર કોકીલ કલ કૂજત, કરત ગુંજાર મધુપગન**
**ભયો પ્રકટ આજ ઋતુરાજ, વાસ કિયો સુનિયત વૃંદાવન**
**આન અર્પો સખી તન - મન - ધન.."**

વસંતનું આગમન થતાં જ વનરાઈ ખીલી ઉઠી, કોયલના કુંજન અને અલીગણોના ગુંજનથી વાતાવરણ માદક બની ગયું. રંગબેરંગી પુષ્પોના શણગાર સજી વૃક્ષ-વેલીઓ ઝૂમવા લાગી અને ત્યાં જ



Scanned by CamScanner

કેસરભીના ગુલાલના રંગોત્સવ લઈને આવ્યો હોરીનો તહેવાર. હોરી-રસિયા અને ફાગ સાથે કેસૂડાના કામણ.

આ વાતાવરણનો કેફ હજુ ઘૂંટાતો હતો ત્યાં જ ધીરે ધીરે પદાર્પણ કર્યું ગ્રીષ્મ સખીએ. એણે આવતા વેંત જ શ્રી ઠાકોરજીના સુખ માટે, નિજ પ્રકૃતિને અનુરુપ રાત્રિઓને નાની અને દિવસોને વિશાળ કરવા માંડયા જેથી પ્રભુ વિવિધકુંજ-નિકુંજોનો, વનગમનનો, છાક અને જલક્રીડાનો આનંદ સહજતાથી **માણી** શકે. વાતાવરણને સુગંધીત અને માદક બનાવવાના ભાવથી જુઈ, જાઇ, મોગરો, ગુલાબ અને બકુલ પુષ્પો જેવા વિવિધ સુવાસિત પુષ્પોની ભેટ પણ લઈને આવ્યા. આ સુવાસિત પુષ્પોની માલાજીઓ ગૂંથી પ્રભુને અંગીકાર કરાવતા વ્રજભક્તોનો આનંદ ગ્રીષ્મસખીઓને આભારી હતો ને? **એટલું જ નહીં**, શીતકાલમાં દૂર-સુદૂર ચાલ્યા ગયેલા પક્ષીગણોને પણ ગ્રીષ્મસખી પોતાની સાથે લઈને આવ્યા. કુંજ-નિકુંજો અને વનરાઈ પક્ષીઓના મધુર કિલકાર અને કોયલના મધુર ટહૂકાથી ગુંજી ઉઠયા. હંસ અને ચકોર પક્ષીઓ જલક્રીડા સમયે પ્રભુને સુખ આપવા હાજર થઇ ગયા. ગ્રીષ્મસખી પોતાના પ્રભુ માટે ખટમધુરા ફળોનો ઉપહાર પણ લાવ્યા. ઋતુરાજ વસંતના સ્પર્શે, આમ્રમંજરીઓથી મહેકતા આમ્રવૃક્ષો, ગ્રીષ્મનું આગમન થતાં આમ્રફુલોથી ઝુમી રહ્યા. પોતાની ઉષ્ણતા દ્વારા આ ફુલોને પકવ બનાવી સખીએ, અમૃતસમા મીઠા આમ્રફલોની અદકેરી ભેટ પ્રભુના ચરણોમાં ધરી. તો સાથે ખરબુચા, જામ, જાંબુ, કમરખ જેવા અનેક વિવિધ ખટમીઠા ફળો તો હતા જ. આમ ગ્રીષ્મસખી પોતાની ઉષ્ણતા દ્વારા પ્રભુની વિવિધ પ્રકારે સેવા કરી રહ્યા છે તો સાથે સાથે,

**"પ્રાતઃ પધારે ને નીશાએ આવે વ્હાલો પ્રીત નવી ઉપજાવે"**



Scanned by CamScanner

એ ભાવનાને ધ્યાનમાં રાખી ગ્રીષ્મસખી વ્રજભક્તોને પ્રભુના સેવકોને વિરહાગ્નિમાં તપાવવા લાગ્યા. એકબાજુ પ્રભુ મિલનની ઝંખનાનો તાપ, બીજી બાજુ ગ્રીષ્મનો તાપ આમ ઉભય રીતે તપ્ત બનેલા પ્રભુના સેવકો, ઉષ્ણકાલમાં પ્રભુને સુખ થાય એવી સામગ્રીઓની તૈયારી કરવા લાગ્યા. ગુલાબજળ મિશ્રિત જળવાળી ખસ અને વાળાની ચટાઈઓ દ્વારા ગુલાબ, કેવડા અને અરગજાના શીતલજળવાળા ફુવારાઓ રચી, ઠંડા જલના છંટકાવ દ્વારા વાતાવરણને શીતલ બનાવવા લાગ્યા. જેથી ઉષ્ણકાલ સુખદાયી બને.

શ્રી ઠાકોરજીના શ્રીઅંગને ચંદન, અરગજાના લેપથી, મુલાયમ મલમલના અને જાળીદાર વાઘા વસ્ત્રોથી ગ્રીષ્મમાં શીતલતા આપે એવા ચંદન, મોતી અને પુષ્પોના શણગારથી, સુવાસિત પુષ્પો અને ચંદનની માલાજીથી શણગારવા લાગ્યા.

એટલું જ નહીં વિવિધ કુંજોની, પુષ્પોના મહેલ અને ફુલમંડલીઓની રચના કરી પ્રભુને એમા પધરાવી એ દ્વારા અને જલક્રીડા અને રાત્રી સમયે નૌકાવિહાર જેવા મનોરથ દ્વારા પ્રભુની ઉષ્ણતા દૂર કરવા લાગ્યા. ભોગ-સામગ્રીમાં પણ ઉષ્ણકાલને અનુરુપ શીતલતા અર્પે તેવા શીતલભોગથી પ્રભુને સુખ થાય એવા ઉપાયો કરવા લાગ્યા.

સેવા સમયે નિત્યના પદો સાથે ઉષ્ણકાલને અનુરુપ છાકના પદો, કુંજ ભોજનના, ઉસીર મહેલ, નાવનાં પદો વગેરેનું ગાન કરી જેમાં એ શીતલતાનું આધિપત્ય છે એવા સારંગ, નૂર સારંગ જેવા રાગોમાં કીર્તનગાન કરી પ્રભુને રીઝવવા લાગ્યા.

આમ સેવા કરનાર પુષ્ટિભક્ત દ્વારા ગ્રીષ્મઋતુ પણ યુગલ સ્વરૂપ માટે સુખદાયી બની જાય છે.



Scanned by CamScanner

યુગલ એટલે જોડી. શ્યામસુંદર અને સ્વામીનીજીની, ગ્રીષ્મસખી અને પ્રભુની અને ભક્ત અને ભગવાનની આમ પ્રત્યેક યુગલ માટે ગ્રીષ્મકાલ સુખદાયી બની રહે છે.

ફાગણ વદ બીજ દ્વિતીયાપાટથી ગ્રીષ્મકાલનો આરંભ ગણાય. ગ્રીષ્મસખી પોતાની સાથે ગુડી પડવાનો , શ્રીગનગોરનો, શ્રીયમુનાજીનો, શ્રી રામ જયંતીનો, અક્ષયતૃતીયાનો અને એથીયે વિશેષ શ્રી મહાપ્રુભુજીના પ્રાગટ્યનો અણમોલો ઉત્સવ લઈને આવે છે. ગુડી પડવાનો દિવસે શીતલતાના ગુણયુક્ત કડવો લિમડો, મિશરી સહિત શ્રી ઠાકોરજીને આરોગાવાય છે. ગનગોર શ્રી ઠકુરાણીજીના ઉત્સવો ખૂબ જ ઠાઠમાઠથી ઉજવાય છે. તો શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિવસની ઉજવણી પુષ્ટિભક્તો હર્ષોલ્લાસથી મન મૂકીને કરે છે. અંતમાં આવે છે સ્નાન યાત્રા અને રથયાત્રાના પર્વો. ખૂબ શ્રદ્ધા-ભક્તિથી આ બંને પર્વો ભક્તો ઉજવે છે અને પ્રભુ પ્રત્યે પોતાના સ્નેહભક્તિ જતાવે છે.

આમ હર્ષોલ્લાસથી પર્વોની ઉજવણી કરતા, વિવિધ મનોરથો દ્વારા ઠાકોરજીને ઉષ્ણકાલમાં સુખ આપતા ભક્તોને ગ્રીષ્મની વિદાયના અણસાર આવવા માંડે છે. રથયાત્રાના પર્વ સાથે જ પાછું વર્ષાસખીનું આગમન થઈ જાય છે. આમ ઋતુઓનું ચક્ર અવિરત પણે ચાલતું જ રહે છે.

ભગવદીય વૈષ્ણવો, ઉષ્ણકાલમાં ગવાતા કીર્તનોનું હવે રસપાન કરીએ અને એ દ્વારા નિરોધ પ્રાપ્તિ માટે પ્રભુની દિવ્ય લીલાઓનું અવગાહન કરી ધન્ય બનીએ.



Scanned by CamScanner

॥ શ્રી હરિઃ ॥

આન્તરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

**૧) રાગ - ભૈરવ　　　　તાલ - ઝપતાલ　　　　શ્રી મહાપ્રભુજીનું પદ**

મા યશોદાના ભાવથી સેવા કરતો પુષ્ટિભક્ત, સેવા સમયે નિજ મંદિરમાં, ઠાકોરજીને જગાડતા, ઘંટના નાદ સાથે, મહારસસ્વરૂપ શ્રી વલ્લભનું પરમદયાલ શ્રી વિઠ્ઠલનું અને પતિત પાવની શ્રીયમુનાજીનું સ્મરણ-વંદન કરી, પ્રભુ સેવા માટે એમની આજ્ઞા મેળવીને જ શ્રી ઠાકોરજીને જગાડે છે.

આપણે પણ પુષ્ટિમહારસદાની, પ્રભુના અતિપ્રિય શ્રીવલ્લભને વંદન કરી, એમનું ધ્યાન ધરી, આ કેસેટનું મંગલાચરણ કરી. હૃદયતંત્રીઓને રણઝણીત કરી દે તેવા, અતિભાવવાહી આ પદમાં શ્રી વ્યાસદાસજી દીનભાવે, નતમસ્તકે એ જ યાચના કરે છે હે પ્રભુ, નિત્ય પ્રતિ નિત્ય, શ્રી વલ્લભનું ધ્યાન, એનું જ ગાન અને એમની જ ચરણરજમાં લપટાવાનું સૌભાગ્ય મને આપ, કારણ કે શરણે આવેલા જીવને ભવબંધનમાંથી છોડાવી, પ્રભુ તારા ચરણનું શરણ અપાવનાર શ્રીવલ્લભ જ છે. પ્રભુના એ પ્રિય દાસના પણ દાસ થવાની માંગણી તેઓ કરે છે કારણ કે दासानुदासोभविताऽस्मि भूय. એ જ તો પરમ વૈષ્ણવનું કર્તવ્ય છે, એની મહેચ્છા છે. અંતમાં ભક્તકવિ એ જ વિનંતી કરે છે નિત્ય પ્રભુ સેવા અને એની જ લીલાઓનું ધ્યાન ધરતાં આ સંસાર અસાર બની જાય, પ્રાતઃકાલીન રાગ ભૈરવના સૂરોમાં શોભતા અને ઝપતાલમાં નિબદ્ધ આ કીર્તન દ્વારા શ્રી વલ્લભની વંદના કરીએ.



Scanned by CamScanner

गाऊँ श्रीवल्लभ ध्याऊँ श्रीवल्लभ श्रीवल्लभ चरण रज लपटाऊँ ।
वल्लभ संतति नित्य प्रति निरखूँ वल्लभ दासन दास कहाऊँ ॥१॥
कृष्णलीला सेवा नित्य करकें जगत सबे तृण तुल्य धराऊँ ।
'व्यासदास' की यही प्रतिज्ञा श्रीगोविंद कृपातें पाऊँ ॥२॥



Scanned by CamScanner

**૨) રાગ - ભટિયાર** **તાલ - ત્રિતાલ** **શ્રી ગુસાંઇજીનું પદ**

શ્રી વલ્લભવંદના બાદ, મંગલકારી, આનંદકારી, જીવની કૃતિ જોયા વિના જ શરણે આવેલા જીવના, આલોક-પરલોક ઊભયનું કલ્યાણ કરનારા પરમદયાળ શ્રીવલ્લભસુતની વંદના કરીએ. નંદદાસજી આ પદમાં કહે છે કે રસિક શિરોમણી વિઠ્ઠલપ્રભુ તો શ્રીગોકુલના સુખધામ છે. અહીં ગોકુલ એટલે ગોકુલ ગામ તો ખરું જ. પરંતુ શ્રીગોકુલમાં શ્રી એટલે સ્વામિનીજી સહીત પુષ્ટિજીવોને સુખ આપનારા શ્રી ગુસાંઈજીના ગુણગાન કોણ કરી શકે? રાગ ભટિયારના સુમધુર સૂરોમાં ગૂંથાયેલા અને ત્રિતાલમાં નિબદ્ધ આ પદથી શ્રીવિઠ્ઠલનું સ્મરણ-વંદન કરીએ.

**प्रात समें श्रीवल्लभसुत को उठतहिं रसना लीजिये नाम ।**
**आनन्दकारी प्रभु मंगलकारी अशुभहरण जन पूरण काम ॥१॥**
**याहि लोक परलोक के बंधू, को कहि सके तिहारे गुणगान ।**
**'नन्ददास' प्रभु रसिक शिरोमणि राज करो श्रीगोकुल सुखधाम ॥२॥**



Scanned by CamScanner

૩) રાગ - બૈરાગી　　　　　　　તાલ - ત્રિતાલ　　　　　　　શ્રી યમુનાજીનું પદ

સૂર્ય તનયા,અધમ ઉધ્ધારિણી શ્રી યમુનાજીનું સ્મરણ વંદન કરતું આ પદ, મહારાણીજીના માહાત્મ્યનું દર્શન કરાવે છે, સરિતાઓમાં ગંગા-યમુના ઊભય શ્રેષ્ઠ ગણાય. પરંતુ યમુનાજીનું માહાત્મ્ય અદકેરું છે. પ્રભુના ચરણકમલનો સ્પર્શ પામી આ ગંગા તો શિવજીની જટામાં સમાઈ જાય છે. જ્યારે સાત સમુદ્ર પાર કરી આવેલા યમુનાજી તો પ્રિયતમ પ્રભુને નખશિખ લપટાઈ જાય છે.એટલું જ નહીં, જલક્રીડાનો વિશેષ આનંદ આપી, પ્રેમના પૂંજ સમા યમુનાજી તો પ્રભુના ગ્રીષ્મના અસહ્ય તાપને સુખદાયી બનાવી દે છે. પ્રભુનાં જ સુખનું સદૈવ ચિંતન કરતા ઠકુરાણીજી તો ભક્તિ-મુક્તિના પ્રદાત્રી છે. શ્રી ગોવિંદપ્રભુની આ રચના છે. રાગ છે બૈરાગી, તાલ છે ત્રિતાલ.

श्री यमुनाजी अधम उद्धारनी मैं जानी ।
गोधन संग स्यामघन सुंदर तीर त्रिभंगी दानी ॥१॥
गंगाचरण परसते पावन हर शिर चिकुर समानी ।
सात समुद्र भेद यम भगिनी हरि नखशिख लपटानी ॥२॥
रास-रसिकमणि नृत्य परायण प्रेम पुंज ठकुरानी ।
आलिंगन-चुंबन रस विलसत कृष्ण पुलिन रजधानी ॥३॥
ग्रीष्म ऋतु सुख देत नाथ कुं संग राधिका रानी ।
'गोविंदप्रभु' रवि तनया प्यारी भक्ति मुक्ति की खानी ॥४॥



Scanned by CamScanner

## ૪) રાગ - રામકલી તાલ - ઝપતાલ શ્રીને જગાવવાનું પદ

શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ અને યમુનામહારાણીનું સ્મરણ કર્યા બાદ, ઘંટડીના મધુર રણકાર સાથે શ્રી ઠાકોરજીને જગાડતા, શ્રી ચત્રભુજદાસજીના આ જગાવવાના પદનું સ્મરણ કરી લઈએ.

ગોકુલ ગામમાં, ગ્રીષ્મની વહેલી સવારનો સમય છે. નભમંડળમાં અંશુમાલીનું આગમન ધીરે ધીરે થઈ રહ્યું છે. પક્ષીઓના કલરવને યમુના પુલિનના કમળો પર ભ્રમરોનો ગુંજારવ મનને મુગ્ધ કરે છે, ત્યારે નવ કુંજમાં શ્યામ-શ્યામા પોઢી રહ્યા છે. લલિતાદિક સખીઓ ગ્રીષ્મના વાતાવરણને અનુરૂપ રાગ રામકલીના સૂરોમાં મધુર સ્વરે બીના બજાવી યુગલસ્વરૂપને જગાડી રહ્યા છે. પ્રગાઢ રતિરસમાં ડૂબેલાં દંપતિનું દર્શન કરતા ચત્રભુજદાસજી ધન્ય ધન્ય બન્યા છે. આપણે પણ આવા દર્શન સુખની પ્રાર્થના કરી, લલિતાદિક સખીઓને વંદન કરી, શ્રી ઠાકોરજીને જગાડીએ.

प्रात समें नवकुंज द्वार है ललिता ललित बजाई बीना ।
पोढ़े सुनत स्याम श्री स्यामा दंपति चतुर नवीन नवीना ॥१॥
अति अनुराग सुहाग भरे दोउ कोक कला जो प्रवीन प्रवीना ।
'चतुर्भुजदास' निरख दंपति सुख तन-मन-धन न्योंछावर कीना ॥२॥

५) राग - चंद्रकौंस તાલ - ત્રિતાલ કલેઉનું પદ

એક તરફ, નવકુંજમાં પોઢેલા યુગલસ્વરૂપને, લલિતાદિક સખીઓ જગાડી રહી છે તો નંદાલયમાં પોઢેલા લાડિલા લાલને જગાવી, મા યશોદા કલેઉ કરવા વિનવી રહ્યાં છે. માતાએ સ્વહસ્તે ભાત ભાતનાં ભોજન તૈયાર કર્યાં છે. સાથે ગ્રીષ્મકાલમાં શીતલતા આપે એવા ખરબુચા, જામ, ખારેક અને દ્રાક્ષ સાથે ષટરસપૂર્ણ મિષ્ટાન પણ ધરાવ્યા છે. સૂરદાસજી કલેઉના આ પદમાં વર્ણવે છે કે, સ્નેહસભર માતાના પ્રેમાળ હસ્તે પ્રભુ મંગલભોગ આરોગી-રહ્યા છે.

ઉષ્ણકાલમાં ગવાતું આ કીર્તન, રાગ-ચદ્રકૌંસના સ્વરમાં ગૂંથાયું છે. તાલ છે ત્રિતાલ.

कमल नयन हरि करो कलेवा ।<br>
माखन-रोटी सद्य जम्यो दधि, भाँत-भाँत के मेवा ॥१॥<br>
खारक दाख-चिरोंजी-किसमिस, उज्ज्वल गरी-बदाम ।<br>
सव-कर-सेव-छुहारे-सिंघारे, हरे खरबुजा जाम ॥२॥<br>
केई मेवा बहु भाँत-भाँत के खटरस के मिष्टान ।<br>
'सूरदास' प्रभु करत कलेऊ, रीझे स्याम सुजान ॥३॥



Scanned by CamScanner

**૬) રાગ - ખટ** **તાલ- ચૌતાલ** **મંગલાનું પદ**

અહીં નંદાલયમાં મા યશોદાના હસ્તે પ્રભુ કલેઉ આરોગી રહ્યા છે તો યુગલસ્વરૂપે નિકુંજમાં બિરાજી રહ્યા છે અને સ્વામિનીજી સહીત ગોપાંગનાઓને પ્રેમરસની લ્હાણ કરાવી રહ્યા છે. શ્યામસુંદર સાથેના રાત્રિકાલીન મિલનથી, પ્રાપ્ત થયેલા સ્નેહદાનથી, રાધારાણી પ્રેમરંગમાં રંગાઈને તરબોળ બન્યા છે. પ્રેમરસ જાણે એમના નેત્રો વાટે વહી રહ્યો છે. રાધાજીના નેત્રોમાંની આવી અદ્ભુત ચમક નિહાળી હસતી સખીઓને જોઈ, પોતે પકડાઈ ગયા છે એવા ભાવથી સ્વામિનીજી કંઈક સંકોચ પણ અનુભવી રહ્યા છે. આવો, ચૌતાલના ઠેકે અને રાગખટની બંદિશમાં મંગલાસમયના આ પદનો આસ્વાદ લઈએ. રચના છે શ્રીવિઠ્ઠલની.

**आज उठ भोर नवकुंज कानन सखी ठाड़ी भई राधिका रङ्ग भीनी ।**
**विलस सुख सङ्ग नवरङ्ग पिय स्यामघन काम की सैन सब जीत लीनी ॥१॥**
**सुभग विकसत बदन नयन अति रसमसे मोर मुख हास कछु सकुच कीनी ।**
**'श्रीविट्ठल'गिरिधरन संग नागरी जाग सब रैन आनन्द दीनी ॥२॥**



Scanned by CamScanner

## ૭) રાગ - વિભાસ



શ્રી પરમાનંદદાસજીની બાનીમાંથી પ્રગટેલું આ ખંડિતાનું પદ છે. ખંડિતા એટલે માનભંગ થયેલી માનુની. શિર ઉપર ખસેલી પાગથી ભૂંસાયેલા તિલકવાળું શ્રીમુખ. ઉર ઉપરની કરમાયેલી પુષ્પમાલા અને શોભતા નખક્ષતવાળા શ્રીહરિનું દર્શન થતાં જ ગોપી સમજી જાય છે કે અન્ય સ્થળે રાત્રિકાલ પસાર કરી પ્રભુ આવ્યા છે. આમ ખંડિતા નાયિકાની મનઃસ્થિતિનું દર્શન કરાવતું આ પદ છે. રાગ છે વિભાસ.

**कमलनयन श्यामसुंदर निशाके जागेहो आलस भरे ।**
**करनख उर राजत मानों अर्धशशि धरे ॥१॥**
**लटपटी सिर पाग खिसत वदन तिलक टरे ।**
**मरगजी उर कुसुममाल भूषण अंगअंग परे ॥२॥**
**सुरत रंग उमग रहे रोम पुलक होत खरे ।**
**परमानंद रसिकराय जाहिके भाग्य ताहीके ढरे ॥३॥**



Scanned by CamScanner

८) રાગ - બિલાવલ    તાલ - ધમાર    શ્રૃંગારનું પદ

મંગલ આરતી કરીને મા યશોદાએ એના મનમોહનને ઉષ્ણકાલને અનુરૂપ શૃંગારથી સજાવ્યા છે. પ્રભુએ મસ્તક ઉપર ફેંટો ધારણ કર્યો છે. તો શુભ્ર, શીતલ મોતીઓની માળા શ્રી ઠાકોરજીના ઉર પર શોભી રહી છે. શ્રીહસ્તમાં કમલપુષ્પ ધારણ કર્યા છે. એમાંય માતાએ ધરાવેલા આડબંધની શોભા તો અદ્‌ભુત છે. શૃંગારથી સજ્જ શ્યામસુંદર સર્વના મનને મોહી રહ્યા છે. શ્રી કુંભનદાસજીનું આ પદ વાંચતા જ ઉષ્ણકાલીન શૃંગારથી સજ્જ ઠાકોરજીની છબીનું મનોહારી દર્શન પ્રગટ થાય છે. રાગ બિલાવલના સૂરોમાં અને ધમારતાલમાં નિબદ્ધ કુંભનદાસજી રચિત આ શૃંગારના પદનો આનંદ લઈએ.

सोभित आडबंध अति नीको ।
खासा को सोहे सिर फेंटा लाल बन्यो नन्दजी को ॥१॥
मोतिनमाल बिराजत उरपर लिये कमल दलही को ।
कुंभनदास प्रभु गोवरधनधर लाल भामतो जीको ॥२॥



Scanned by CamScanner

## ૯) રાગ - બિલાવલ　　　તાલ - ચૌતાલ　　　ગ્વાલનું પદ

નાગર નંદકિશોરના નટખટ તોફાનોનું સુરેખ વર્ણન કરતું શ્રી નંદદાસજીનું ગ્વાલસમયનું આ પદ છે. શૃંગારથી સજ્જ થયેલા સરકારની સવારી હવે પનઘટ ઉપર આવી પહોંચી છે. પનઘટ ઉપર જલ ભરવા આવેલા ગોપિકાની ઈંઢોણી સંતાડી જાણે કંઇ જ ન બન્યું હોય તેમ પ્રભુ મધુર મધુર હાસ્ય કરી રહ્યા છે. અને આથી જ તો આ ચિતચોર જ ઈંઢોણીનો પણ ચોર છે, એવો ગોપીના મનનો સંશય દઢ બને છે. બનાવટી ક્રોધ કરી ગોપિકાઓ શ્યામસુંદરને ઉપાલંભ આપી રહી છે કે આ ફેંટાના પેચ અને આડબંધ કસીને ચોરી પર શીરચોરી કોના પર જતાવી રહ્યા છો? ગ્વાલનું આ પદ છે. રાગ બિલાવલ અને તાલ ચૌતાલ છે.

**कौन लई कौन दई इंडुरिया गोपाल मेरी,**
**गो-ग्वाल बाल सखा माँझ तुमही हसत हो ।**
**गहे पद सूधे रहो, कौन लई कासों कही,**
**लेत कौन देख्यो, कहाँ तुम बसत हो ॥१॥**
**दइहे दुराय, धरत द्योसमें, कहा चोर परत,**
**ऐसी होय कबहु लाल कोंनपें रीसत हो ।**
**'नंददास' बसत बास ब्रज में गिरिराज पास**
**टेड़ो फेंटा आडबंध कौनपें कसत हों ॥२॥**



Scanned by CamScanner

## १०) राग - शुद्ध सारंग    ताल - चौताल    छाकनुं पद

ઉષ્ણકાલના પદોમાં છાકનાં પદોનું એક આગવું સ્થાન છે. છાકનો અર્થ થાય સહભોજન. સખાઓ સહિત કરેલું વનભોજન. ગ્રીષ્મનો સમય છે. કુંજ-નિકુંજોમાં ભ્રમણ કરતા, ખેલ ખેલતા, ભોજનનો સમય થયો. સખામંડળ સાથે શ્યામઢાક પર મનમોહન બીરાજ્યા છે. પ્રભુને ઉષ્ણતાનો અણસાર પણ ન આવે માટે સખામંડળે ચંદનવૃક્ષની નીચે શીતળ રાવટી રચી દીધી છે. ગુલાબ જળના છંટકાવથી વાતાવરણને પૂર્ણપણે શીતલ બનાવ્યું છે. ગ્રીષ્મના તપતા મધ્યાન્હે પણ, સખાઓના સ્નેહની આહલાદક શીતલતાનો સ્પર્શ પામેલા પ્રભુ, આનંદથી સહભોજન કરી રહ્યા છે. ભક્તકવિ શ્રી પરમાનંદદાસજીની બાનીમાંથી પ્રગટેલું આ પદ છે. શુદ્ધ સારંગના સૂરોથી એ વધુ શાતાદાયક બન્યું છે. તાલ છે ચૌતાલ.

स्याम ढाकतर मंडल जोर-जोर बैठे
अब छाक खात दधी ओदन ।
सघन कुंज मध्य चंदनके महेल रचि उसीर रावटी
चहुंओर छिरकत गुलाब जल सोदन ।।१।।
आस-पास मिल बैठे सखा सब
रुचिर डला भरे प्रेम प्रमोदन ।
'परमानंद' प्रभु गोपाल अद्‌भुत गुन रूपरसाल
आरोगत मंडल मध्य सुबल सुगोधन ।।२।।



Scanned by CamScanner

**૧૧) રાગ - વૃંદાવની સાંરગ　　　　તાલ - ઝપતાલ　　　　છાકનું પદ**

રાગ વૃંદાવની સારંગમાં નિબદ્ધ એક વધુ છાકના પદનો આનંદ લઈએ. બાળસુલભ ચેષ્ટાઓનું તાદશ દર્શન કરાવતું, શ્રી જગજીવનદાસજીનું આ પદ છે. વનભોજનનો આનંદ લઈ, અધુરો ખેલ પૂરો કરવાની ઉતાવળમાં, ફેંટા અને અંગુઠાથી શ્રીમુખ અને હસ્ત પોંછતા પ્રભુ, સખામંડળ સાથે, વૃક્ષો પર ચઢી કુદાકુદ મચાવે છે. ખીજતા-ખીજાતા, હસતા, ક્રોધમાં આવી ગુસ્સાથી કાંપતા - એકબીજા સાથે આનંદ-પ્રમોદ કરે છે. આ પદમાં આવતા ખાય-ખાય, ધાય-ધાય જેવા શબ્દ પ્રયોગોને કારણે એ વધુ કર્ણપ્રિય લાગે છે. તાલ ઝપતાલમાં નિબદ્ધ આ પદના સૌંદર્યને માણીએ.

छाके खाय-खाय धाय-धाय गाय द्रुमन चढ़त
फेंटामुख पोंछत अंगोछतहैं करकर ।
अवनी दंडान डार दुरावत जाकी आर
रोवनी रुवाय छांड हँसे सब हरहर ॥१॥
सखा सब देत कूक एक तो विरामे दूक
खीजोरा खीज गारी देत कांपतहैं थरथर ।
'जगजीवन' गिरिधारी तुम पर वारी लाल
याही पर राखो दाव कूदे सब धर-धर ॥२॥



Scanned by CamScanner

**૧૨) રાગ - નૂર સાંરગ** **તાલ - ત્રિતાલ** **બીરીનું પદ**

પુષ્ટિસેવામાં, શ્રી ઠાકોરજીને ભોગ આરોગાવ્યા બાદ પાનબીરીનું હોવું અનિવાર્ય મનાય છે. પાનબીરીથી પ્રભુ અતિ પ્રસન્નતા અનુભવે છે. પ્રભુની પ્રસાદીરૂપ પાનબીરી પ્રાપ્ત કરવી એ વૈષ્ણવનું પરમ સૌભાગ્ય મનાય છે.

આ પદમાં પણ વનભોજનથી તૃપ્ત શ્રીઠાકોરજી માટે ગોપિકા ઉષ્ણકાલને અનુરૂપ સુગંધી ઠંડકવાળી પાનની બીરી લઈને આવે છે. ત્યાં જ કટિ પિછોરો અને ઉર ઉપર બનમાલા ધારણ કરેલા શ્યામસુંદરની રૂપમાધુરીનું દર્શન થતાં જ ગોપિકા એ રસસાગરમાં મુગ્ધ બનીને ડૂબી જાય છે. પાનની બીરી આપવાનું તો એક બહાનું હતું. શ્યામઘનસુંદર બાંકેબિહારીનું મુખદર્શન એ જ તો એનો ઉદ્દેશ હતો.

તીનતાલના ઠેકે નૂર સારંગના સૂરોમાં, ભક્તકવિશ્રી મુરારીદાસજીના આ બીરીના પદનો રસાનંદ લઈએ

**हरि कों बीरी खवावत बाला ।**
**अति सुगन्ध बहुविधिसों सँवारी लीजे हो नन्दलाला ॥१॥**
**खासा को कटि धर्यो पिछोरा उर राजत बनमाला ।**
**'मुरारीदास' प्रभु की छबि निरखत मग्न होत ब्रजबाला ॥२॥**



Scanned by CamScanner

**૧૩) રાગ - સામંત સાંરગ તાલ - ઝૂમરા રાજભોગ સન્મુખનું પદ**

ગોપીગીતમાં તો પ્રભુના અંતરધ્યાન થયા પછીની, વ્યથિત ગોપીઓની વ્યથા-કથા આલેખાઇ છે. પરંતુ ઉષ્ણકાલના આ પદમાં તો પ્રભુ પોતાને છોડી અન્યના મહેલે ચાલ્યા જશે એવા વિચાર માત્રથી શંકિત બનેલી ગોપી, પ્રભુને વિનવી રહી છે કે, પ્રભુ આપની જે જે ટહેલ હશે તે પૂર્ણ કરવા એની તૈયારી છે. એટલું જ નહીં અન્ય ગોપીઓ કરતાં પ્રથમ એ સૈયા, સામગ્રી, વસન, આભૂષણ સઘળું તૈયાર કરી રાખશે. અરે, ઉષ્ણકાલને સહ્ય બનાવવાના બધા જ ઉપચારો પણ એ પ્રભુને માટે કરશે. ગોપી એના પ્રાણવલ્લભને વિનવી રહી છે કે - **અનત ન જૈયે પિય રહિયે મેરે હી મહલ**

ઉષ્ણકાલમાં ગવાતું શ્રી ચતુરવિહારીજીનું આ રાજભોગ સન્મુખનું પદ છે. રાગ છે સામંત સારંગ. તાલ છે ઝૂમરા.

**अनत न जैये पिय रहिये मेरे ही महल ।**
**जोई-जोई कहोगे सोई-सोई करूँगी टहल ॥१॥**
**सैया सामग्री बसन आभूषण सब बिध कर राखूँगी पहल ।**
**'चतुरबिहारी' गिरधारी पिया की रावरी यही पहल ॥२॥**



Scanned by CamScanner

**૧૪) રાગ - સારંગ માલા (મધુમાદ સારંગ-ત્રિતાલ, ગૌડ સારંગ-ધમાર, શુદ્ધ સારંગ-ચૌતાલ, વૃંદાવની સારંગ-ઝપતાલ, સામંત સારંગ-આડા ચૌતાલ) કુંજનું પદ**

પ્રભુના આગમનના શુભ સંકેતો આજે વ્રજભક્તોના અંગમાં પ્રગટ થઈ રહ્યા છે. એમની વામભુજા, વામ અંગ ફરકી રહ્યા છે. પ્રભુ અહીં કુંજમાં પધારશે એવા વિચારમાત્રથી પ્રસન્ન વ્રજભક્તોએ, ઉષ્ણકાલના આ દાહક દિવસોમાં પ્રભુને શાતા આપવાની સઘળી તૈયારી કરી લીધી છે. હીના, ગુલાબ અને બરાસ યુકત સોંધાવાળા અરગજા અને ચંદનથી આખાએ આંગણને લીપ્યું છે. પ્રભુ પધારશે એવા નિશ્ચયાત્મક ભાવથી, ગોપીજન નૂતન શણગારથી સજ્જ બની મંગલગીતો ગાઈ રહી છે. એટલું જ નહીં, પ્રભુના સુખના ચિંતનથી, ઉષ્ણકાલને અનુરૂપ આભરાણો, મુલાયમ વસ્ત્રો, વિંઝણાઓ પ્રભુ માટે સજ્જ કરી ગોપિકાઓ આતુર નયને હરિ આવનની વાટ જોઈ રહી છે. વ્રજભક્તોની મનઃસ્થિતિનું દર્શન કરાવતું શ્રી કુંભનદાસજીનું આ કુંજનું પદ છે.

રાગ સારંગમાં એની સ્વરગૂંથણી કરવામાં આવી છે. સારંગ રાગની વિશિષ્ટતા એ છે કે એ શ્રોતાના મનઃ - હૃદયને શીતલતાનો આહલાદ આપે છે. આથી જ ઉષ્ણકાલમાં, શ્રીઠાકોરજી સન્મુખ ગવાતા કીર્તનોમાં સારંગનું આધિપત્ય જોવા મળે છે. અહીં આ પદને વિવિધ પ્રકારના સારંગ અને વિવિધ તાલોની સારંગમાલામાં ગૂંથાયુ છે. ગૂંથાયેલી આ મનોહારી સારંગમાલા શ્રી ઠાકોરજીને અંગીકાર કરાવીએ.



Scanned by CamScanner

आज मोये आगम अंग में जनायो ।
सोंधे सानि अरगजा चन्दन आंगन भवन लिपायो ॥१॥
आगम आवन जानि प्रीतम को गोपीजन मंगल गायो ।
आनन्द उर न समाय सखी नव साज सिंगार बनायो ॥२॥
तन सुख पाग पिछोरा झींनो केसर रंग रंगायो ।
मुक्ता के आभूषण गुहि मन पहिरावन हुलसायो ॥३॥
पंखा नव उसीर प्रीतम को नित राखूँगी छिरकायो ।
ग्रीष्म ऋतु सुख देन नाथ को यह ओसर चल आयो ॥४॥
आवें गेहि मान आज हरि भानते बडे दिनन पायो ।
'कुंभनदास' नव नेह नई ऋतु आगम सुजस सुनायो ॥५॥



Scanned by CamScanner

१५) રાગ - ગોડસારંગ   તાલ - આડાચૌતાલ   રાજભોગ સન્મુખનું પદ

પ્રભુના વનાંતરવિરહથી વ્યથિત ગોપિકાને, સુવાના નીલવર્ણમાં પણ નીલવરણ શ્યામસુંદરના જ દર્શન થાય છે. આથી જ પોતાના ગુપ્ત મિલનસ્થાનનો સંકેત સુવા દ્વારા એ પ્રભુને પાઠવી રહી છે. ગોડ સારંગના સુમધુર સ્વરોમાં અને આડાચૌતાલમાં રાજભોગ સન્મુખના આ પદનો આનંદ લઈએ. રચના છે શ્રી પરમાનંદદાસજીની.

सुवा पढावत सारंग नयनी ॥
वदन संकेत लालगिरिधरसों गरजत गुप्त निकट मत केनी ॥१॥
अहो कीर तुम नीलवरण तन नेक चितें मन बुध्दि हरलेनी ॥
होत अवेर जात दिन वन गृह हम तुम भेट होयगी गेनी ॥२॥
जब लग तुम जो सिधारो सघनबनहों जुगई यमुनाजल लेनी ॥
परमानंद लालगिरिधरसो मृदु मृदुवचन कहत पिकबैनी ॥३॥



Scanned by CamScanner

**૧૬) રાગ-મધુમાદ સારંગ   તાલ-ચૌતાલ   ભોગસમયનું પદ (નાવ -ફુલમંડલીનું)**

શ્રી ઠાકોરજીનું વ્રજભક્તો સાથે જલક્રીડાનું વર્ણન કરતું આ મનોહારીપદ એક સુંદર શબ્દચિત્ર ખડું કરે છે.

શ્રી શ્યામસુંદર હવે નાવમાં બિરાજી જલક્રીડાનો આનંદ લઈ રહ્યા છે. આ કોઈ સાધારણ નાવ નથી. પ્રભુને શીતલતા પ્રદાન કરવા એમાં ફૂલના બંગલાઓ અને ખસની રાવટીઓ રચવામાં આવી છે. ગોપ-ગોપીઓ રાગ સારંગના સૂરોમાં વિવિધ વાજિંત્રો વગાડી રહ્યા છે. માત્ર માનવી જ શા માટે, પ્રકૃતિના બધાજ તત્વો પ્રભુને સુખ દેવા ઉદ્યત બન્યા છે. કોકિલા મધુર સ્વરે ગાન કરી રહી છે. સુગંધી પુષ્પોની મધુર સુવાસયુક્ત વૃક્ષલતાઓ ઝૂકી ઝૂકીને પ્રભુનું સ્વાગત કરી રહી છે. હંસ અને ચકોર પક્ષીઓ પણ પ્રભુની સેવા માટે હાજર થઈ ગયા છે.એટલું જ નહી, હલેસામાંથી ચારેકોર ઉડતા જલશીકરો રૂપી પુષ્પમાલાઓની મધ્યમાં પ્રભુ બીરાજતા હોય એવું અદ્ભુત દશ્ય રચાયું છે. જલક્રીડાનું વર્ણન કરતું શ્રીવ્રજાધીશજીનું અતિ મનોહર પદ, રાગ મધુમાદ સારંગના સૂરોમાં માણિએ. તાલ છે ચૌતાલ.

**यमुना जल क्रीड़त स्याम चहुँ ओर बनी बाम बैठे नाव मधि लाल रावटी रची ।**
**फूलन के बंगला मनोहर राजत झुक रही वृक्षलता हंस और चकोर की पंगति सचि ॥१॥**
**कोकिला अलापत तान लेत सुखकारी गावत प्रवीन प्यारी सारंग राग खची ।**
**छूटत जल जंत्रन फुही मानों सुमन मालगुही 'व्रजाधीश' मेघ स्याम मूरत देखि ललची ॥२॥**



Scanned by CamScanner

**૧૭) રાગ-આભોગી કાન્હરા　　તાલ-ઝપતાલ　　ફૂલમંડલી તથા ફૂલના શ્રૃંગારનું પદ**

પુષ્ટિસેવામાં, ઉષ્ણકાલમાં પ્રભુને સુખ આપવા ફુલમંડલી અને ફુલોના શૃંગાર શ્રીઠાકોરજીને અવશ્ય ધરાવવામાં આવે છે. જૂઈ, જાઈ, મોગરો અને બકુલ પુષ્પો જેવા સુવાસિત પુષ્પોના શણગાર, પુષ્પોના જ વાધા-વસ્રો, ટીપારા અને કટિપિછોરા, શ્રીને અંગિકાર કરાવવામાં આવે છે. ભક્તો આ રીતે પોતાના પ્રભુને શીતલતાનું સુખ આપે છે.

અહીં આ પદમાં પણ ગ્રીષ્મની રાત્રિએ, યુગલ સ્વરૂપની ઉષ્ણતા દૂર કરવા, વ્રજભક્તોએ ફૂલોનો મહેલ રચ્યો છે, એમાં પુષ્પનાં જ ગાદી-તકિયાં અને સેજ બિછાવ્યા છે. પુષ્પોના શણગાર સજી શ્યામ-શ્યામા આ આહલાદક શીતલ વાતાવરણમાં બિરાજી રહ્યાં છે. યુગલ સ્વરુપની આવી અદ્‌ભુત રૂપછબી પર ભક્તકવિ તન-મન-ધન વારી જાય છે. શ્રી વિઠ્ઠલપ્રભુની આ રચના છે. રાગ છે આભોગી કાન્હરા. તાલ છે ઝપતાલ.

**बैठे फूल महल में दोउ राधा और गिरिधारी ।**
**फूलनके हार सिंगार फूलनके फूलटिपारो धारी ॥१॥**
**फूलनकी सेज गेंदुवा तकीया फूलनकी पिछवारी ।**
**फूले गावत वेणु बजावत राग रंग भयो भारी ॥२॥**
**फूले मधुप कोकिला कूजत वहेत पवन सुखकारी ।**
**श्री विठ्ठलगिरिधरनलाल पर तन मन धन सब वारी ॥३॥**



Scanned by CamScanner

૧૮) રાગ - હમીર                    તાલ - ત્રિતાલ                    આવનીનું પદ

જેના સૌંદર્યનું દર્શન કરતા કોટિ કામદેવ પણ ઝાંખા લાગે એ સૌંદર્યરાશિનું વર્ણન કરવા શતસહસ્ત્ર રસનાઓ પણ ઓછી પડે, એવા શ્યામઘનસુંદર પ્રભુનાં સૌંદર્યનું વર્ણન થઈ શકે ખરું? જો કરવું જ હોય તો શ્રી પરમાનંદદાસજીની બાનીમાં એટલું જ કહી શકાય કે - ગિરિધર સબ હી અંગ કો બાંકો....

આપણી ભાષાની ગરિમા તો જુઓ? બાંકા શબ્દના સર્વાંગ સુંદર ઉપરાંત અતિસુકુમાર, નટખટ,વક્ર એટલે કે તીરછા,છટાદાર જેવા અનેક અર્થો થાય છે અને આ પદની વિશિષ્ટતા જ એ છે કે આ બધાએ અર્થો પ્રભુના સંદર્ભમાં સુયોગ્ય રીતે વર્ણવ્યા છે. સર્વાંગ સુંદર તો પ્રભુ છે જ. એની છટાદાર ચાલ પર ગોકુળની ગોપીઓ ઘેલી બને છે. ભ્રમર એની તીર કમાન જેવી વક્ર છે તો એનું હૃદય પણ એવું જ વાંકુ છે. આવતી જતી ગોપિકાઓ સાથે મીઠી મજાક કરવા, વ્રજની ગલીને સાંકડી બનાવતો હોય તેમ, રસ્તો રોકી ઊભેલો એ શ્યામસુંદર નટખટ નાગર નહીં તો બીજુ શું છે?

આવો, આ અતિ બાંકા આવનીના પદ દ્વારા બાંકેબિહારીજીનાં સ્વરૂપનું દર્શન કરી ધન્ય બનીએ.

**गिरिधर सबही अंग को बांको ।**
**बांकी चाल चलत गोकुलमें छैल छबीलो काको ॥१॥**
**बांकी भ्रोंह चरण गति बांकी बांको हृदय ताको ।**
**परमानंददास को ठाकुर कियो खोर व्रज सांको ॥२॥**



Scanned by CamScanner

## ૧૯) રાગ - સોરઠ તાલ - ત્રિતાલ સંધ્યા સમયનું પદ

પ્રશ્ન દ્વારા પદની શરૂઆત થાય છે અને પદના અંતે જેનો જવાબ મળી જાય છે એવા આ અદ્‌ભુત પદમાંથી માત્ર એકજ સૂર ઊઠે છે કે,સર્વાત્મભાવથી પ્રભુની શરણાગતિ સ્વીકારનાર ગોપિકાઓના હૃદયમાં રહેલો પ્રેમરસ - જે એમણે પ્રભુપ્રત્યે અનરાધાર વહાવ્યો છે- એ રસમાં ભીંજાઈને પ્રભુ ગોપિઓને વશ થઈ ગયા છે, અને ભગવદ્ રસમાં તરબોળ બની ઘૂંટી ઘૂંટીને એનું પાન કરતાં ગોપિકાઓની લોકલાજ અને વેદમાર્ગની મર્યાદાઓ છૂટી ગઈ છે. ફલસ્વરૂપે પ્રભુ શ્રીગોપીજનવલ્લભ કહેવાયા.

પ્રેમરસભીનું શ્રી પરમાનંદદાસજીનું આ પદ છે. એનું આકંઠ પાન કરીએ, એને હૃદયમાં ઊતારીએ અને ગોપિકાઓ જેવો ભાવ આપણા હૃદયમાં પણ જાગે એવી પ્રભુને પ્રાર્થના કરીએ. સંધ્યા સમયનું આ પદ છે. રાગ છે સોરઠ, તાલ છે તીનતાલ.

**कौन रस गोपिन लीनो घूँट ।**
**मदनगोपाल निकट कर पायो प्रेमकाम की लूट ॥१॥**
**निरख स्वरूप नन्दनन्दन कौ लोकलाज गई छूट ।**
**'परमानन्द' वेदसागर की मर्यादा गई टूट ॥२॥**



Scanned by CamScanner

## ૨૦) રાગ - ઇમન કલ્યાણ    તાલ - ઝપતાલ    બ્યારૂનું પદ

ગૌચારણથી શ્રમિત રામ-શ્યામની જોડીને રોહિણીમૈયા આગ્રહપૂર્વક બ્યારુ કરાવી રહ્યા છે.ગ્રીષ્મકાલને અનુરૂપ ખારા-ખાટા વિવિધ વ્યંજનોથી માતાએ ભોજનનો થાળ સજાવ્યો છે.બન્ને ભાઈ,માતાના સ્નેહમિશ્રિત મધુર ભોજનનો સ્વાદ લઈ,પયપાન કરી, પાનની બીરી આરોગી રહ્યા છે. પ્રભુદર્શનની જેમને સદૈવ આસક્તિ હતી એવા નંદદાસજી, પ્રભુના બ્યારુ સમયની ઝાંખીનાં દર્શન કરી, ધન્યતા અનુભવે છે.રાગ ઈમન કલ્યાણના સૂરોમાં અને ઝપતાલની સંગતમાં શ્રી નંદદાસજીનું આ બ્યારુનું પદ માણિએ.

**भटू सुन उसीर महल में आज मैं देखे ब्यारू करत दोउ भैया ।**
**ब्यंजन मधुरे खारे खाटे परोसत रोहिनी मैया ॥१॥**
**कर मनुहार जिमावत सुत को परिपूरन भये प्रेम अघैया ।**
**ऊपर पय पीवो हौं वारी लाल 'नंददास' प्रभु बीरी ले कनैया ॥२॥**



Scanned by CamScanner

## ૨૧) રાગ - અડાનો　　　　　તાલ - ચૌતાલ　　　　　શયનનું પદ

ગ્રીષ્મકાલની સંધ્યાનો સમય છે પ્રેમસાગર શ્રીહરિ અને સ્નેહસરિતા સમા સ્વામીનીજી યમુના પુલિન ઉપર બિરાજી રહ્યા છે. ગ્રીષ્મનો સુગંધિત શીતલ પવન મંદ મંદ વાઈ રહ્યો છે. ગ્રીષ્મસખીએ વૈજયંતિપુષ્પોની માલાજી પ્રભુને અંગિકાર કરાવી છે. તો શ્રી સ્વામિનીજીના કરકમલ રૂપી અતિસુકુમાર એક બીજી માલા પણ પ્રભુએ ધારણ કરી છે. શ્રીઅંગ એનાથી શોભી રહ્યું છે.ગ્રીષ્મ ને અનુરૂપ મુલાયમ બારીક વસ્ત્રોમાંથી શોભતા ગૌર અને શ્યામવર્ણની શોભા શબ્દાતીત છે, મોહન અને મોહિની ઉભય હાસ્યવિનોદ કરતાં, ગ્રીષ્મમાં શાતાદાથી અરગજાનો લેપ અન્યોન્યને લગાવી રહ્યા છે,રાગછે અડાના, તાલ છે ચૌતાલ.

સુરદાસજીના આ અતિદિવ્ય પદના ભાવોમાં ખોવાઈ જઈએ.

**बैठे ब्रजराज कुँवर प्यारी संग जमुना तीर सीतल ब्यार सखी मन्दमन्द आवे ।**
**अति वैजयंति उर श्याम अंग शोभा देत कंठ परस्पर भुज मेल दोउ हस-बिहस गावे ॥१॥**
**झीनो पट दीपत देह प्रीतमसों अति स्नेह गौर श्याम अंग सोभा देत कहत न बनि आवे ।**
**'सूरदास मदनमोहन' मोहनी से बने दोउ हसि-हसि जात अंग अरगजा लगावे ॥२॥**



Scanned by CamScanner

२२) રાગ - કેદાર    તાલ - ત્રિતાલ    શયન સન્મુખ નું પદ

યુગલસ્વરૂપની પ્રેમસમાધિનું વર્ણન કરતું આ અતિમનોહર પદ છે. કુંજની આડમાં ઊભેલાં રાધારાણીને શ્યામસુંદર સ્નેહનું દાન દઈ રહ્યા છે.તમાલવૃક્ષને વિંટળાઈ વળેલી કનકવેલી સમું,ઉભયનું ઐક્ય સરજાયું છે. આ રસસમાધિમાં ડૂબેલાં કુંજબિહારી અને સ્વામિનીજીના દર્શન કરવા વ્રજભક્તો ભેગા મળ્યા છે.

રાગ કેદારના સૂરોમાં અને તીનતાલના ઠેકે, શ્રી હરિદાસજીના આ શયનના પદનો આનંદ લઈએ.

**चलो क्यों न देखेरीं खरे दोऊ कुंजन की परछाँही ।**
**एक भुजा गहि डार कदंब की दुजी भुजा गलबाँही ॥१॥**
**छबीसों छबीली लपट लटक रही कनकबेली तरुतमाल अरुझाई ।**
**'हरीदास' के स्वामी स्यामा कुंजबिहारी रंगेहें प्रेमरंग माहीं ॥२॥**



Scanned by CamScanner

૨૩) રાગ - નાયકી કાન્હરા　　　　તાલ - આડા ચૌતાલ　　　　ચંદનનું પદ

ચંદનની શીતલતાથી પ્રભુ અતિ પ્રસન્ન થાય છે. આથી ઉષ્ણકાલમાં ચંદનના લેપ, ચંદનના વાગા, ચંદનના શણગાર વિશેષ રૂપે શ્રી ઠાકોરજીને ધરાય છે. અહીં પણ સખી શ્રીહરિના, શ્રી ચરણારવિંદ અને શ્રીઅંગ ઉપર, કપૂર, મૃગમદ અને ગુલાબજળ મિશ્રિત ચંદનનો લેપ કરી રહી છે.

આ દ્વારા સખી પ્રભુને શીતલતા અર્પે છે કે, પ્રભુની સાંવલી સલોની છબીના દર્શન દ્વારા વિરહતાપ શમાવી પોતે જ શીતલતાનો અનુભવ કરે છે? ચંદનના આ પદનો આનંદ, રાગ નાયકી કાન્હરા અને આડા ચૌતાલને ઠેકે લઈએ. રચના છે શ્રી કલ્યાણરાયજીની.

**पायन चंदन लगाऊं ।**
**बहो भांतिन बिजना दुराऊं छिरकि गुलाब जल नैन सिराऊं ॥१॥**
**अगर कपूर घसि अंग लगाऊं मृगमद आड बनाऊं ।**
**'कल्यान' के प्रभु गिरिधरन छबिले लै लै लाड लड़्याऊं ॥२॥**



Scanned by CamScanner

## ૨૪) રાગ - પહાડી (ઠુમરી અંગ) તાલ -રૂપક માનનું પદ

યમુનાતટપર વિહાર કરતા રસરાજ સાથે સ્વામિનીજી માનલીલા કરી રહ્યા છે.રાધાજીની પ્રતીક્ષા કરતા પ્રભુ,સંદેશા પર સંદેશા પાઠવી રહ્યા છે. પ્રભુની આ આધિદૈવિક લીલાનું દર્શન કરતા, શ્રી વિષ્ણુદાસજીની બાનીમાંથી માનનું આ પદ પ્રગટ થાય છે. તેઓ વર્ણવી રહ્યા છે કે હે માનુંની, આ રીસને છોડી દો કારણકે જેમ મીનને જલ વિના તેમ આપને શ્યામ વિના જીવવું મુશ્કલ છે. માટે માન છોડી દો અને આ નવરંગબિહારી ઉપર કૃપા કરો. ગ્રીષ્મની આ નાની શી રાત્રિ તો પળમાં વીતી જશે, માટે માન છોડી નંદનંદનને અમીરસના દાન દઈ દો.

ઠુમરી અંગવાળા, રાગ પહાડીના સ્વરોમાં ગૂંથાયેલા આ માનના પદનો રસાનંદ લઈએ તાલ છે રૂપક.

**छांड दे मानिनी स्यामसंग रूठवो ।**
**रहत तुवलीन जलमीनज्यूं सुंदरी करो वर्यो न कृपा नवरंग पर तूठवो ॥१॥**
**बेग चल यामिनी जात पलछिन घटत कुंज में केलि कर अमीरस घूंटवो ।**
**बल 'विष्णुदासनिनाथ' नंदनंदन कुँवर सेज चढ़ ललन संग मदन गढ़ लूटवो ॥२॥**



Scanned by CamScanner

## ૨૫) રાગ - તિલંગ	તાલ - ત્રિતાલ	માનમિલાપનું પદ

માનના પદ બાદ, માન-મિલાપનું આ પદ, શ્યામ-શ્યામાનાં યુગલ-સ્વરૂપની રોચક ઝાંખી કરાવે છે. કોટિ કામદેવનું રૂપ લાવણ્ય જ્યાં એકત્રિત થયું છે એવા રસરૂપ પ્રભુના દર્શન ઉપર વારિ ગયેલાં સ્વામિનીજી, પ્રભુનો સંગમ થતાં જ પૂર્વના માનને વિસરી જાય છે. રસિક પ્રીતમ એટલે શ્રી હરિરાયજીની આ રચના છે. રાગ છે તિલંગ અને તાલ છે ત્રિતાલ.

**बैठी पियको वदंननिहारें ।**
**लावण्यरूप पर वारवार तनमनधन जोबन वारें ॥१॥**
**कबहुंक निकट जाय प्रीतम के पगीया पेच सुधारें**
**कबहुंक चुंबन करन कपोलन हेर चंद्र उजियारे ॥२॥**
**कबहुंक पीवत अधरसुधारस भेटत अंग उघारें ।**
**रसिक प्रीतम के संगम प्यारी पूरब विरहें विसारे ॥३॥**



Scanned by CamScanner

૨૬) રાગ - બિહાગરો તાલ - ત્રિતાલ પોઢવાનું પદ

માનુની શ્રી વૃષભાનજીદુલારીને મનમોહન મનાવી રહ્યાં છે. આથી જ તો આજે પ્રભુ સ્વહસ્તે શ્રી સ્વામીનીજીની ચરણસેવા કરી રહ્યાં છે. લલિતાદિક સખીઓ વીંઝણો ઢોળે છે. આથી શરમાયેલ રાધાજી ઘૂંઘટની ઓટમાં મુખડું છુપાવી દે છે. શ્રી નંદદાસજી આ દિવ્ય લીલાનું વર્ણન કરતાં વર્ણવે છે કે માનિનીનું માન છૂટી ગયું છે માનમિલાપના અંતે શ્યામ-શ્યામા બેઉ કાલિંદી તટ પર નવનિકુંજમાં પુષ્પોની શૈયા પર પોઢી રહ્યાં છે. રાગ છે બિહાગરો અને તાલ છે ત્રિતાલ.

पिय प्यारी के चरन पलोटत ।
ललितादिक बींजनां ले आई ताही देखकें घुंघट ओटत ॥१॥
चंदन लेप करत दोऊ अंगन आलिंगन अधरन रस घोटत ।
'नंददास' स्याम स्यामा दोऊ पोढे नवनिकुंज कालिंदी के तट ॥२॥



Scanned by CamScanner

**૨૭) રાગ - માંડ** **તાલ - રૂપક** **આશ્રયનું પદ**

શ્રી મહાપ્રભુજીના સેવક, અષ્ટસખાઓમાંના એક, શ્રી પરમાનંદદાસજીની બાનીમાંથી પ્રગટ થયેલું દીનતા - આશ્રયનું આ પદ છે. શ્રી વલ્લભચરણોના દઢ આશ્રય સાથે પ્રભુને પ્રિય એવા ગિરિ ગોવર્ધન, ગૌમાતાઓ, શ્રી યમુનાજી અને શ્રી ભાગવતજીનો આશ્રય કરવાનું ગર્ભિત સૂચન કરતા તેઓ જણાવે છે કે જ્યાં સુધી શ્રી નંદનંદનની સેવામાં પ્રીતિ અને શ્રી ભાગવત કથારસની લગની છે, જ્યાં સુધી શ્રી વલ્લભચરણનો દઢ આશ્રય છે,જ્યાં સુધી ગોકુલગામ, શ્રી યમુનાજી, શ્રી ગિરિરાજજી અને ગૌમાતાઓમાં અનુરાગ છે ત્યાં સુધી આ પુષ્ટિસૃષ્ટિને કલયુિગનો સ્પર્શ થવો શક્ય નથી. રૂપક તાલમાં અને માંડ રાગના સૂરોમાં ગૂંથાયેલ આ આશ્રયના પદ દ્વારા, આપણે પણ હ્રદયમાં આ સર્વનો દઢ આશ્રય કરીએ.

**जब लग यमुना गाय गोवर्धन जब लग गोकुल गाम गुसांई ।**
**जब लग श्री भागवत-कथा-रस तब लग कलियुग नाहीं ॥१॥**
**जब लग सेवारस नन्दनन्दनसों प्रीति लखाई ।**
**'परमानंद' तासों हरि क्रीडत श्रीवल्लभचरण जिन पाई ॥२॥**



Scanned by CamScanner

૨૮) રાગ - હંસધ્વનિ　　　તાલ - ત્રિતાલ　　　આશ્રયનું પદ

भरोसो श्रीवल्लभही को भारी ।
काहे को रे मन भटकत डोलत जो चाहत फलकारी ॥१॥
'श्रीविट्ठल' गिरिधर सब बालक जगत कियो उद्धारी ।
पुरूषोत्तम प्रभु नाममंत्र दे चरणकमल सिरधारी ॥२॥



Scanned by CamScanner

# प्रथमपीठाधीश्वर का मननीय अनुरोध

हमारे परमवन्दनीय महाप्रभु श्रीमद् वल्लभाचार्य ने हमें जीवन में धैर्य रखनेकी आज्ञा प्रदान की है। धैर्य के स्वरूप का निर्देश करते हुए आचार्य श्री आज्ञा करते हैं कि त्रिदुःखसहनं धैर्यं। तीनों प्रकार के दुःखों को सहन करना और धैर्य रखना यही धैर्य का स्वरूप है।

मानव अपने स्वभाव से धैर्य को निभा नही सकता किन्तु जव वह सच्चे हृदय से किसी को स्नेह करता है तो सभी कुछ सहन करने की उसमें शक्ति आ जाती है यह तभी होता है जव हमारे स्नेहमें दैवीभावना हो। लौकिक स्तर से स्वार्थ पर आधारित अनुराग से ऐसा संभव नहीं हो सकता। इसलिये आचार्यश्रीने भगवान् श्री हरि से अहैतुक प्रेम करने का आदेश दिया है। यह प्रभु प्रेम ही हमारे जीवन में भवताप से हमें मुक्त करता है इतना ही नही ईससे वढकर उसी स्नेह से भगवदाश्रय भी हमें सहज ही प्राप्त हो जाता है। इस प्रणाली से यह सिद्धि भी सहज ही प्राप्त हो जाती है कि हम जिससे सच्चा स्नेह करते हैं उसमें दुर्गुण हमें दिखाई नहीं देते किन्तु लौकिक में तो उसके दुर्गुण भी गुणरूप में हमें प्रतीत होते हैं। यदि यही भावना हमारी स्वधर्म के प्रति हो और प्रभु से सच्चा स्नेह हो तो हमारे स्वधर्म की विशेषता और भगवत् प्रेम के कारण श्रीहरि की महती विशेषता का हमें सहज ही वोध हो सकता है और हमारी दोषदृष्टि इससे निवृत्त होगी।

Scanned by CamScanner